# ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ

""ગુડા ભવન"", ખ-૦ સર્કલ પાસે,એસ.જી.હાઈવે, મુ.પો.સરગાસણ, તા.જી.ગાંધીનગર

ફોન/ ફેક્સ નં.૨૩૨ ૪૯૦૧૭, ૨૩૨ ૪૯૦૧૮

નં/ગુડા/એસ્ટેટ/એલોટમેન્ટલેટર/TP-09-FP-149-............/ /૨૦૨૩ તા.

## પ્રધાનમંત્રી આવાસ યોજના ફાળવણી પત્ર

## ઈ.ડબ્લ્યુ.એસ-૨

પ્રતિ,

શ્રી.........................................

.............................................

.............................................

**વિષય** - પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત મોજે. સરગાસણ, ટી.પી સ્કીમ નં. ૦૯, ફાઈનલ પ્લોટ નં. ૧૪૯ માં આપશ્રીને ફાળવેલ આવાસ પેટે નાંણાની ચુકવણી કરવા બાબત

**સંદર્ભ** - માન ............................શ્રી ના વરદ હસ્તે ............................ ખાતે તા...................................નાં રોજ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત કરવામાં આવેલ ઓનલાઈન કોમ્પ્યુટરાઈઝડ ડ્રો

**મહાશય,**

ઉપરોક્ત વિષય અન્વયે આપશ્રીને જણાવવાનું કે ઉકત સંદર્ભ મુજબ તા............................... નાં રોજ યોજવામાં આવેલ ઓનલાઈન કોમ્પ્યુટરાઈઝડ ડ્રોમાં આપશ્રીને મોજે. સરગાસણ, ટી.પી સ્કીમ નં.૦૯, ફાઈનલ પ્લોટ નં.૧૪૯ માં આવેલ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ઈ.ડબ્લ્યુ.એસ-૨ પ્રકારના ઓછી આવક ધરાવતા વર્ગના લાભાર્થીઓ માટેના આવાસ **નં. TP-09-FP-149-................** ની ફાળવણી કરવામાં આવેલ છે. જે અન્વયે આપશ્રી ને ફાળવવામાં આવેલ આવાસ પેટે આપશ્રી દ્વારા ડીપોઝીટ પેટે ભરાયેલ રકમ રૂ. ૭,૫૦૦/- બાદ કરતાં બાકીની આવાસની રકમ માસિક હપ્તેથી ભરવાની રહેશે. સદર ભરવાની થતી રકમના હપ્તાનું સમયપત્રક નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે. આ સાથે દર્શાવેલ શરત નં. (૧) થી (૧૦) ને આધિન આપશ્રીને જણાવવામાં આવે છે કે, આવાસ પેટે નાંણાની ચુકવણી બિનચૂક અને સમયસર કરવી.

| ક્રમ નં. | વિગત | સમયગાળો | આવાસ માટે લાભાર્થી દ્વારા ભરવાની થતી રકમ (રૂ.) |
|---|---|---|---|
| ૧ | અરજી સમયે | - | ૭,૫૦૦/- |
| ૨ | પ્રથમ હપ્તો | ૨ માસ | ૫૫,૫૦૦/- |
| ૩ | બીજો હપ્તો | ૩ માસ | ૫૭,૦૦૦/- |
| ૪ | ત્રીજો હપ્તો | ૬ માસ | ૮૫,૦૦૦/- |
| ૫ | ચોથો હપ્તો | ૯ માસ | ૮૫,૦૦૦/- |
| ૬ | પાંચમો હપ્તો | ૧૨ માસ | ૮૫,૦૦૦/- |
| ૭ | છઠ્ઠો હપ્તો | ૧૫ માસ. | ૮૫,૦૦૦/- |
| ૮ | સાતમો હપ્તો | ૧૮ માસ | ૯૦,૦૦૦/- |
| કુલ જમા કરવાની રકમ | | અંકે રૂપિયા પાંચ લાખ પચાસ હજાર પુરા | ૫,૫૦,૦૦૦/- |
| ૯ | મેઇન્ટેનસ ચાર્જ | ૨૦ માસ | ૫૫,૦૦૦/- |
| | કુલ | અંકે રૂપિયા છ લાખ પાંચ હજાર પુરા | ૬,૦૫,૦૦૦/- |

**શરતો:-**

| | |
|---|---|
| ૧. | આપના દ્વારા પેમેન્ટ શિડ્યુલ મુજબના પ્રથમ ૦૨ (બે) હપ્તા જમા કર્યેથી આપને ફાળવણી પત્ર અત્રેની કચેરીએ અરજી કર્યેથી પાઠવવામાં આવશે. |
| ૨. | આ પત્રથી આપશ્રી ને આવાસ અંગે ભરવાની થતી રકમ ઉપર જણાવ્યા મુજબના પેમેન્ટ શિડ્યુલ અનુસાર ગુડાની કચેરી એટલે કે ઉપરોક્ત સરનામે "ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ" ના નામે લખાયેલ એકાઉન્ટ-પે ચેક/ડિમાન્ડ ડ્રાફ્ટથી નાણાં ભરવાના રહેશે. |
| ૩. | આપને ફાળવવામાં આવેલ આવાસ અંગે નિયત સમયમર્યાદામાં નાણાં ભરપાઈ ન કરવાના કિસ્સામાં હપ્તા ચૂકવણીની તારીખથી ૧૨% લેખે વ્યાજ વસુલવામાં આવશે તેમજ પૂરેપૂરા નાણાં ભરપાઈ ન થવાના કિસ્સામાં આપને થયેલ આવાસ ફાળવણી આપોઆપ રદ થઈ અન્યને ફાળવણી બાબતે સત્તામંડળને અબાધિત અધિકાર રહેશે તેમજ આવા કિસ્સામાં આપે ભરેલ નાણાં અંગે સત્તામંડળનો નિર્ણય આખરી રહેશે. |
| ૪. | સદરહુ આવાસ મેળવવા ઉપરોક્ત જણાવેલ પેમેન્ટ શેડ્યુલ પ્રમાણે નિયત થયેલ હપ્તા મુજબની રકમની ચુકવણીમાં સતત છ માસ સુધીના વિલંબ થવાના કિસ્સામાં આપશ્રીને ફાળવેલ આવાસની ફાળવણી આપો આપ રદ ગણવામા આવશે. તેમજ આપશ્રી દ્વારા કુલ જમા થયેલ રકમમાંથી ડિપોઝીટના નાંણા જપ્ત કરી બાકી રહેતા નાંણા વ્યાજ સિવાય પરત કરવામાં આવશે. તેમજ સદરહુ આવાસ પ્રતિક્ષા યાદી મુજબના લાભાર્થીશ્રીને ફાળવવામાં આવશે. |

| | |
|---|---|
| ૫. | અરજદારશ્રી દ્વારા રજૂ કરવામાં આવેલ માહિતી તથા આધારો સાચા ન હોવાનું પુરવાર થાય તેમજ અરજદારશ્રી અથવા કુટુંબના કોઈપણ સભ્યના નામે અન્ય કોઈપણ આવાસ યોજનામાં કે અન્ય કોઈપણ જગ્યાએ પોતાનું આવાસ હોવાનું માલુમ પડશે,તેવા કિસ્સામાં આવાસ ફાળવણી રદ કરવા અંગેનો નિર્ણય થયા બાદ ડીપોઝીટ રૂ.૭,૫૦૦/-(અંકે રૂપિયા સાત હજાર પાંચસો પુરા) તથા અન્ય જમા કરેલ રકમ જપ્ત કરવામાં આવશે અને પરત મળવાપાત્ર થશે નહિ. |
| ૬. | અરજદારે આવાસના લાભાર્થી ફાળાની નિયત કરેલ રકમ કિંમત રૂ.૫,૫૦,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ લાખ પચાસ હજાર પુરા) ની સંપૂર્ણ ચુકવણી થયેથી પ્રથમ બે વર્ષ માટે મેઈન્ટેનન્સ પેટે રૂ.૫૫,૦૦૦/-(અંકે રૂપિયા પંચાવન હજાર પુરા) અલગથી ગુડા કચેરીએ જમા કરાવવાના રહેશે.ત્યારબાદ સભ્ય તથા વારસદારની બાયોમેટ્રીક રજીસ્ટ્રેશનની કાર્યવાહી પૂર્ણ થયેથી દસ્તાવેજ તથા ઇલેક્ટ્રિસિટી બીલ અરજદારશ્રીનાં નામે થયા બાદ આવાસનો પ્રત્યક્ષ કબજો સોંપવામાં આવશે. |
| ૭. | લાભાર્થીનું અવસાન થાય અને જો તેમના વારસદારો મકાન મેળવવા ઈચ્છે તો તેઓના કાયદેસર (સીધીલીટીના) વારસદારોને ફાળવવામાં આવશે. આવા વારસદારના કેસમાં જે નવું કુટુંબ અસ્તિત્વમાં આવશે તેની આવકની મર્યાદા જળવાતી નહિ હોય તો ફાળવણી રદ કરી રૂ.૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા) વહીવટી ખર્ચ બાદ કરી બાકીની રકમ પરત ચુકવવામાં આવશે. |
| ૮. | સત્તામંડળ દ્વારા યોજના હેઠળના બધા જ આવાસની કબજા સોંપણી થયા બાદ આવાસની કિંમત સાથે વસુલવામાં આવેલ મેઈન્ટેનન્સ ડિપોઝીટની રકમ યોજના અંતર્ગતની કોમન સગવડો તબદીલ કરતી વેળાએ રજીસ્ટર થયેલ સોસાયટીના ખાતામાં જમા કરાવવામાં આવશે, જે રકમ માંથી સામાન્ય સગવડોની વ્યવસ્થા સોસાયટીએ કરવાની રહેશે. સોસાયટીની રચના અને તેનો વહીવટ સંભાળવા બાબત, મંડળી રજીસ્ટર કરવી તથા અન્ય જવાબદારીઓ સોસાયટીના સભ્યોની રહેશે તથા કોમન સુવિધાઓની જવાબદારી સોસાયટીની રહેશે અને જે અરજદારને આવાસ ફાળવવામાં આવેલ હોય તેઓએ ફરજીયાત આ સોસાયટીના સભ્ય થવાનું રહેશે. |
| ૯. | સદરહુ આવાસ યોજનામા કુલ આવાસોના ૫૦% પ્રત્યક્ષ કબજા મળ્યા બાદ હાઉસીંગ સોસાયટીનુ ફરજીયાત ગઠન કરી નોંધણી કરાવી અત્રેની કચેરીમાં લેખીત જાણ કરી નોંધણીની નકલ જમા કરાવવાની રહેશે. તેમ કરવામા ચુક થયેથી અત્રેની કચેરી દ્વારા નિયમ અનુસાર પગલા લેવામાં આવશે. |
| ૧૦. | લાભાર્થીશ્રી દ્વારા ફાળવેલ આવાસનો દસ્તાવેજનો સઘડો ખર્ચ જેવો કે સ્ટેમ્પ ડ્યુટી, રજીસ્ટ્રેશન તેમજ તેને સંબંધિત તમામ પ્રકારના ખર્ચ લાભાર્થીશ્રીએ ભોગવવાનો રહેશે. |

**એસ્ટેટ અધિકારી**

**ફાળવણી પત્ર સ્વીકારનારની સહી.........................................**

**ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ**

**ગાંધીનગર**